# તા.૧૭/૦૮/૨૦૧૭ના રોજ "દિવ્ય ભાસ્કર" તથા "સંદેશ" અને તા.૧૮/૦૮/૨૦૧૭ના રોજ "ગુજરાત સમાચાર"માં આપેલ જાહેર નોટીસ સંદર્ભે સ્પષ્ટીકરણ


**ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી**

ચીફ ટાઉન પ્લાનીગ અને વેલ્યુએશનની કચેરી,
સેકટર-૧૦,સેન્ટ ઝેવીયર્સ સ્કુલ સામે,
ગાંધીનગર.
ટેલીફોન નંબર :- (૦૭૯)૨૩૨૫૪૧૦૧


## જાહેર નોટીસ

રીયલ એસ્ટેટ(રેગ્યુલાઇઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ,૨૦૧૬ની કલમ-૩ ની જોગવાઇ મુજબ, રાજ્યમાં કોઇપણ વિકાસકાર(પ્રમોટર) રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ જેવા કે, પ્લોટ, એપાર્ટમેન્ટ અથવા બિલ્ડીગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત,માર્કેટીગ,બુકીગ અથવા ઓફર માટેની કાર્યવાહી,રાજ્ય સરકાર દ્વારા રચાયેલ રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા)ની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકશે નહી.

રેરા ઓથોરીટીની વેબસાઇટ gujrera.gujarat.gov.in તારીખ :- ૧૦/૦૭/૨૦૧૭ ને સોમવારથી કાર્યાન્વીત થઇ ગયેલ છે. વિકાસકાર તેમના મેઇલ આઇડી મારફત રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ આ વેબ સાઇટ ઉપર જણાવેલ પધ્ધતી / કાર્યરીતીને અનુસરી રજીસ્ટ્રર કરી શકે છે.

તાજેતરમાં રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા)ના ધ્યાન ઉપર આવેલ છે,કે રાજ્યમાં અમુક વિકાસકારો દ્વારા પોતાના પ્રોજેક્ટોનું રેરા એક્ટના કાયદાની જોગવાઇઓ મુજબ રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા)માં રજીસ્ટ્રેશન નંબર મેળવ્યા સિવાય સ્થાનીક દૈનીક અખબારમાં માર્કેટીગ માટે જાહેરાતો આપવામાં આવેલ છે. જે ઘણી ગંભીર બાબત છે. આથી રાજ્યમાં કોઇપણ વિકાસકાર રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ જેવા કે,પ્લોટ,એપાર્ટમેન્ટ અથવા બિલ્ડીગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત,માર્કેટીગ,બુકીગ અથવા ઓફર માટેની કાર્યવાહી કરતા અગાઉ રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા)માં સત્વરે રજીસ્ટ્રેશન કરવા આદેશ કરવામાં આવે છે.હવેથી જો રેરા એક્ટ અંતર્ગત રીયલ એસ્ટેટ પ્રોજેક્ટોનું રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય અખબારમાં માર્કેટીગ માટે જાહેરાતો આપવાની કાર્યવાહી થતી માલુમ પડશે તો રીયલ એસ્ટેટ(રેગ્યુલાઇઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ,૨૦૧૬ની જોગવાઇ મુજબ દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. જેની રાજ્યના તમામ વિકાસકારો(પ્રમોટરો) નોંધ લેશો.

- વધુમાં જણાવવાનું કે, ઘણા વિકાસકારો(પ્રમોટરો) કાયદાના ખોટા અર્થઘટન કરી ભ્રમમાં છે કે તેઓ પોતાના પૈસાથી બાંધેલા મકાનો કે જેમાં, ***તા.૦૧/૦૫/૨૦૧૭ કે તે પછી*** બી.યુ.પરમીશન લીધેલ હોય તેમણે રજીસ્ટ્રેશન કરવાની જરૂર નથી,પરંતુ રેરા એક્ટ મુજબ જયારે પણ તેઓ દ્વારા આવા એપાર્ટમેન્ટ અથવા બિલ્ડીગનું વેચાણ કરશે તે સમયે તેઓ દ્વારા રેરા એક્ટ અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી રહેશે.

તારીખ :- ૧૮/૦૮/૨૦૧૭

**અધ્યક્ષ**
ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી